વાત ગાંધીનગરની

શહેરમાં કોરોના સંક્રમણના કેસ જળવાઈ રહ્યા છે. દેશ અને રાજ્યમાં કેસની સંખ્યા ઘટે છે પરંતુ ગાંધીનગરમાં તો સ્થિતિ હજી યથાવત જ રહી છે. સરકારી યાદી મુજબ ૧૮ થી ૨૦ નો સંક્રમિતોનો આંક દર્શાવાય છે પરંતુ વાસ્તવિક કેસ બે થી અઢી ગણા હોય છે. હજુ પણ શહેરમાં ચિંતાનો માહોલ પણ છે.

રાજકીય રાસડા પર ફીટકાર

સરકારે ભલે નવરાત્રિના રાસ-ગરબા ઉપર પ્રતિબંધ લાદ્યો હોય પરંતુ રાજકારણીઓના રાસડા તો બેરોકટોક ચાલી રહ્યા છે. અબડાસા ધારી અને કરજણમાં ભાજપના ઉમેદવારોના ફોર્મ ભરવાના સમયે સરકારી નિયમોની ઐસીતેસી કરીને કાર્યકરો બેફામ રીતે સોશિયલ ડીસ્ટન્સીંગના લીરેલીરા ઉડાડતા હતા. ગાંધીનગરમાં બેસી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ માટે દર્દભરી અપીલ કરતાં હોવા છતાં એમના જ પક્ષના કાર્યકરોનું અને નેતાઓનું વર્તન ગાંધીનગરની રાજકીય ગલીયારીઓમાં ચર્ચાસ્પદ બન્યુ હતુ. તંત્ર કેમ પગલાં લેતુ નથી એના માટે પણ ચર્ચાઓ જાગી છે. જો કે ધારીમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ નિયમોના ભંગ માટે કાર્યકરોને જાહેરમાં ઠપકો પણ આપ્યો હતો અને કાયદેસર કાર્યવાહીની સુચના પણ આપી હતી.

ભાજપે જ ભાજપનો વિરોધ કર્યો

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં ભાજપના જ એક સભ્યની દરખાસ્ત મેયરશ્રીએ સભામાં મુકતા પુર્વ સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન અને કેટલાક કોર્પોરેટરોએ ઉગ્રતાથી વિરોધ કર્યો. પક્ષમાં ચાલતી જુથબંધીના વરવા દ્રશ્યો જોવા મળ્યા હતા. પક્ષના જ આગેવાનો એકબીજા સામે આક્ષેપો કરી પક્ષની શિસ્તના લીરેલીરા ઉડાડ્યા હતા. જો કે કોંગ્રેસે આ સમગ્ર ચર્ચાની મજા માણી હતી.

કલાકારોના હાલ હજુ ચિંતાજનક છે

કોરોનાકાળે ભલભલાની પરીક્ષા લીધી છે. સાત-સાત મહિના સુધી એક રૂપિયાનોય ધંધો નહી કરી શકનાર કલાકારોની સ્થિતિ કફોડી બની ગઈ છે. ઢોલ કે હાર્મોનિયમ વગાડનાર કે મંઝીરા બાજો કે બેન્ડ વગાડનારા આવા અસંખ્ય નાના નાના કલાના કસબીઓ જીવન નિર્વાહ માટે ફાંફા મારે છે. ગાંધીનગર શહેરના સાડા ત્રણસોથી ચારસો નાના કલાકારો ભારે આર્થિક ભીંસમાં મુકાયા છે. સરકાર તાકીદે કલાકારો માટેનું આર્થિક પેકેજ જાહેર કરે અને સમાજજીવનના અભિન્ન અંગ સમા કલાકારો અને તેની કલાને જીવતદાન આપે તેવી તાતી જરૂરીયાત ઉભી થઈ છે. શહેર અને રાજ્યની અનેક કલાકાર સંગઠનો સરકાર સમક્ષ રજુઆત કરી રહ્યા છે. સોમવારે ધરણાં યોજાયા હતા.

માડી તારા આવવાના એંધાણ..!!

ગાંધીનગરમાં તો એક જ ઉત્સવ એવો હોય છે કે જેની ઉજવણીમાં આખુ શહેર જોડાય છે. એવા ઉત્સવને કોરાનાનું ગ્રહણ લાગતા જનજીવનમાં ભારે નિરાશા પ્રવર્તે છે. વર્ષોથી શહેરમાં ધામધૂમથી ઉજવાતા ઉત્સવનો કોઈ ધમધમાટ આ વર્ષે દેખાતો નથી. ક્યાંય ધજા-પતાકા-મંડપનો અણસાર પણ નથી. ગરબાના મેદાનો સુમસામ ભાસે છે. ગરબા ક્લાસીસનો કોલાહલ બજારમાં ક્યાંય સંભળાતો નથી. માત્ર ત્રણ જ દિવસ નવરાત્રીની આડે બાકી છે છતાંય શહેર સુમસામ છે. એટલું જ નહીં ચિંતાતુર પણ છે. ખરેખર..! માડી તારા આવવાના કોઈ એંધાણ દેખાતા નથી..!!

આજનો 'અર્ક'...

અહંકારના વૃક્ષ પર હંમેશા વિનાશના જ ફળ આવે છે.

મનપાની સામાન્ય સભામાં અસામાન્ય દ્રશ્યો

ભરતી-બઢતીના મુદ્દે સુધારા દરખાસ્તને લઈ ભાજપના મતભેદો ખુલ્લા થયા : ભાજપના છ સભ્યોએ સભાત્યાગ કર્યો તો કોંગ્રેસના સમર્થન સાથે સુધારા દરખાસ્ત મંજૂર કરાઈ : આઈસીસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ માટેની દરખાસ્ત કોંગ્રેસે ફગાવી પણ સે. ૨૪ના ઉદ્યાનનું નામાભિકરણની દરખાસ્ત સર્વાનુમતે મંજૂર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં અસામાન્ય દ્રશ્યો વચ્ચેના વિવાદો સાથે સંપન્ન થઈ હતી. જેમાં ભરતી-બઢતીના નિયમોમાં સુધારા સૂચવતી દરખાસ્તમાં કોંગ્રેસનું સમર્થન મેળવવામાં સફળ થયેલ મેયર જૂથ થોડુક ગેલમાં હતુ પરંતુ સે. ૨૪ના ઉદ્યાનનું નામાભિકરણ કરવાની દરખાસ્તનો સ્વીકાર થતાં જ મેયરે ખાસ સત્તાને આધિન આઈસીયુ ઓન વ્હીલ્સ ખરીદવાની દરખાસ્ત કમિશનર દ્વારા રજુ કરતાં કોંગ્રેસે તેને ફગાવી દીધી હતી અને ભાજપનો રકાસ થયો હતો.

મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં ભરતી-બઢતી અંગેના નિયમોમાં સુધારા સુચવતી દરખાસ્ત ભાજપના જ પ્રણવ પટેલે રજુ કરી હતી. પ્રથમ ચાર દરખાસ્તો સ્થાયી સમિતિએ સૂચવી હતી તેવુ જણાયુ હતુ પરંતુ પાંચમી સુધારા દરખાસ્ત પર ભારે ધમાસણ મચી ગયુ હતુ.

એક તબક્કે પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ દરખાસ્તો સમય-મર્યાદામાં રજુ કરાઈ નથી તે ચર્ચાને પાત્ર જ થતી જ નથી. આ પછી તેમણે આ અંગે તેમને મળેલ માહિતી પણ ગૃહમાં રજુ કરી હતી.

જો કે મેયરે કહ્યુ હતુ કે દરખાસ્ત મને નવ તારીખે મળી છે એટલે તમારી વાત માની શકાય નહિ. મે દાખલ કરી છે. બીજુ તમે ખોટી દલીલો કરી રહ્યા છો. આર.આર. એ એટલો ગહન વિષય છે કે જ્યારે વાંચો ત્યારે તેમાં નવુ જણાય. કર્મચારીઓના હિતમાં આપણે સૌએ વિચાર કરવો જોઈએ.

આર.આર. પરની ચર્ચા એક કલાક જેટલો સમય ચાલી હતી એક તબક્કે હાલ પુરતી દરખાસ્તને મુલ્તવી રાખવાનો વિચાર પણ રજુ થયો હતો. કમિશનરશ્રીએ પણ ૧૮ અને ૧૯ની સામાન્ય સભામાં રજુ થયેલી દરખાસ્તોમાં વિસંગતતા હોવાનું જણાવી કહ્યુ હતુ કે આમાં બઢતીની તકો રહેતી જ નથી.

આ ચર્ચામાં એક તબક્કે મેયર રીટાબેન પટેલે ગુસ્સે થઈ મનુભાઈ માટે તમને સસ્પેન્ડ કરવાના પગલાં લેવા પડશે તેવી ચીમકી પણ આપી દીધી હતી. આમ છતાં આ નિયમોને મુદ્દે ઉગ્રતા ઓછી થઈ ન હતી. વારંવાર મેયરે સુધારા દરખાસ્ત પર મતદાનની જાહેરાતો કરી અને એકવાર મનુભાઈ હુ સસ્પેન્ડ કરૂ છુ તેવા ઉચ્ચારણો પણ કર્યા હતા.

ચર્ચા પર મતદાનની ગણત્રી માટે દરખાસ્ત મુકનાર પ્રણવભાઈને વ્હેલમાં આવી ગણતરી કરવાની સૂચના પણ મેયરે આપી હતી. આ તબક્કે મનુભાઈ અને પ્રણવ પટેલ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ થઈ હતી.

નીતિન પટેલ અને અન્ય સિનીયર સભ્યોને એ વાતની ગંધ આવી ગઈ હતી કે કોંગ્રેસના સમર્થન સાથે મેયરે આ મુદ્દે આગળ વધવાનું મન બનાવી લીધુ છે એટલે વારંવાર મતદાનનો સંકેત આપી રહ્યા છે. આથી ભાજપના છ સભ્યોએ સભાત્યાગ કર્યો હતો.

આ સભાત્યાગ મનુભાઈ પટેલ, કાર્તિક પટેલ, નીતિન પટેલ, પ્રવીણાબેન દરજી, પાર્વતીબેન પરમાર અને પ્રિતીબેન દવેએ કર્યો હતો.

ભરતી-બઢતીના નિયમોમાં મતભેદ આજે ખુલ્લામાં આવી ગયા હતા અને આખરે કોંગ્રેસના સમર્થન સાથે સુધારા દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

જો કે ભાજપના સભ્યોએ કરેલા સભાત્યાગ પછી સામાન્ય સભામાં એજન્ડા સિવાયના કામો હાથ ધરાયા હતા. જેમાં સે. ૨૪ના બગીચાનું નામાભિકરણ કરવાની કોંગ્રેસની દરખાસ્તનો ભાજપના સભ્યો સાથેની શાબ્દીક ટપાટપીને અંતે સર્વાનુમતે સ્વીકાર કરાયો હતો. આ દરખાસ્ત હાલ મુલ્તવી રાખવામાં આવે અને બધા જ નવીનીકરણના કામો સંપન્ન થયા પછી દેશના સપૂતોના નામ સાથે સાંકળી નામાભિકરણ કરવાના મેયરના સૂચનને કોંગ્રેસે ફગાવી દીધુ હતુ.

તેમણે આ બેઠકમાં જ હા કે ના નો નિર્ણય કરવામાં આવે તે વાત પકડી રાખી હતી. આખરે દરખાસ્તનો સ્વીકાર સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

આ પછી ધોળાકુવામાં લગ્નવાડી બનાવવાની વાત અટકી ગઈ, બોરીજમાં બગીચાનું શુ થયું ? નવા સમાવાયેલા વિસ્તારના કર્મચારીઓને આઉટસોર્સિંગમાં સમાવવાની અન્યાયી નીતિનો વિરોધ કોંગ્રેસના હસમુખ મકવાણાએ કર્યો હતો. તેના પર શૈલેન્દ્રસિંહ બિહોલા સહિતના લગભગ તમામ સભ્યોએ તંત્ર પર તડાપીટ બોલાવી હતી.

ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે દરમ્યાનગીરી કરી જણાવ્યુ હતુ કે ધોળાકુવામાં લગ્નવાડીની ડિઝાઈનમાં કેટલાક ફેરફાર સૂચવાયા હોવાથી તેની અમલવારી વિલંબમાં થયો છે પણ તે સુધારા થઈ ગયા છે અને ડિઝાઈનની મંજૂરી આખરી તબક્કામાં છે તે મળી જતાં જ તુર્ત જ આગળની કાર્યવાહી હાથ ધરાશે તેવી ખાત્રી આપી હતી.

મેયરે પણ સભ્યોની ઉગ્રતા જોઈ એક તબક્કે નવા ભેળવાયેલા વિસ્તારોમાં શરૂઆતમાં થોડીક મુશ્કેલીઓ હતી પરંતુ હવે બધુ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ ૨૦ કોરોનાથી સંક્રમિત

શહેરમાં આજે સે. ૩ માંથી ૩, સે. ૫ માંથી ૩, ૨૪, ૪ અને ૨૯ માંથી ૨-૨ કેસ ઉપરાંત પાલજ, જીઈબી, સે. ૧૫, સે. ૮, ૧૪, ૧૭, ૨૦ અને સે. ૨ માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૫૬૧ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતાં સંક્રમણના કેસોએ તંત્રની ચિંતા વધારી છે. આજે નોંધાયેલા ૨૦ કેસમાં ૬ મહિલા દર્દીઓ મળી આવી છે. શહેરમાં વધતા જતા કેસોની ગતિએ શહેરમાં કોરોનાનું ત્રીજુ સ્ટેજ હોવાની શંકા વધુ ને વધુ દૃઢ બની રહી છે.

શહેરમાં આજે સે. ૩ માંથી ૩, સે. ૫ માંથી ૩, સે. ૨૪, ૪ અને ૨૯ માંથી ૨-૨ કેસ ઉપરાંત પાલજ, જીઈબી, સે. ૧૫, સે. ૮, ૧૪, ૧૭, ૨૦ અને સે. ૨ માંથી કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામેથી આજે ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૪ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત યુ.એન. મહેતા હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવા આપતી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. એન.ટેક કંપની સિંગરવામાં ટેકનીકલ એડવાઈઝર તરીકે કામ કરતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૯ માંથી આજે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. આ દંપત્તિને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૫ માંથી એક ૪૯ વર્ષીય દુકાનદારનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ હોમ આઈશોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે

સે. ૮ માં રહેતી નાયબ સચિવ તરીકે ફરજો બજાવતી ૪૪ વર્ષીય મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અધિકારીને સારવાર માટે શહેરની આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૪માંથી એક ૩૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭માં રહેતા અને સમાજકલ્યાણ વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૦ માં રહેતી અને બેન્કમાં નોકરી કરતી ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી એક ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં રહેતા અને થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે ૩ કેસ નોંધાયા છે. સે. ૫ માં રહેતા અને ઓડિટર તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માં રહેતા અને

● અનુસંધાન પાન-૭ પર

નગરની સિવિલ હોસ્પિટલના કમરતોડ આંતરિક માર્ગોથી દર્દીઓ ત્રાહીમામ

આઇ સી યુ ઓન વ્હીલ પણ ડમગમી જાય તેવા માર્ગોની સુધારણા માટે કોઇ આયોજન થતુ નથી : સિવિલ તંત્રએ માર્ગ મકાન વિભાગને પત્ર લખ્યો : સિવિલના પી આઇ યુ કક્ષાએથી માર્ગ સુધારણાનુ આયોજન થાય તે અનિવાર્ય

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર શહેરના માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ માર્ગોની સુધારણા અને બ્યુટીફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જેના લીધે નગરના માર્ગો મુલાકાતે આવતા સેલિબ્રિટીઝ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બને છે. પરંતુ શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સિવિલ હોસ્પિટલ સંકુલમાં હાલ માર્ગોની દશા છેવાડાના ગામથી પણ બદતર છે. કોરોનાની મહામારી વચ્ચે દર્દીઓએ આ ઉબડ ખાબડ માર્ગો પરથી પસાર થવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આઇ સી યુ ઓન વ્હીલ પણ ડગમગી જાય તેવા સિવિલ સંકુલના માર્ગોની દશા સુધારવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. સિવિલ તંત્રએ આ મામલે માર્ગ મકાન વિભાગને માર્ગોના રિસરફેસીંગ માટે પત્ર લખ્યો હતો પરંતુ આ માર્ગની સુધારણા સિવિલના પી આઇ યુ હસ્તક હોવાનુ સ્પષ્ટ થતા માર્ગ સુધારણાનુ હજુ ઠેકાણુ પડયુ નથી. સિવિલની માળખાગત સુવિધાના કામો માટે કાર્યરત પી આઈ યુ કક્ષાએથી પણ સંકુલના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાતુ નથી જેના લીધે હાલ સિવિલ સંકુલના ઉબડ ખાબડ માર્ગો પર ડગ માંડવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સેકટરોના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ છે. શહેરના મોટાભાગના માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. ત્યારે હાલ માર્ગ સુધારણા અને વાઈડનીંગની કામગીરીને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ અને કોર્પોરેશન કક્ષાએથી કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. નગરના ૩ માર્ગને સિકસલેન બનાવવાનુ કામ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ

● અનુસંધાન પાન-૭ પર

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ગ્રામ્ય વિસ્તારમાં ૮ મહિલા સહિત ૧૬ નવા કેસ

માણસામાં વેપારી દંપત્તિ કોરોનામાં સપડાયુ : ગાંધીનગરમાં ૫, માણસામાં ૪, કલોલમાં ૪ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૬ કેસ મળી આવ્યા છે. દહેગામ અને માણસામાં ધીમી ગતિએ પણ કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર અને કલોલમાં પણ જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે તેને લઈ તંત્રની કામગીરી વધી છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૯૭ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

આજે ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૩, માણસામાં ૪ અને કલોલમાંથી પણ ૪ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૮ કેસ મહિલા દર્દીના છે. મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. મોટી ઉંમરના લોકો પણ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેથી તંત્રની ઉંઘ ઉડી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવા તંત્રને સૂચનાઓ આપી છે.

વાવોલ ગામેથી આજે ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કોલવડામાંથી પણ ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

નાના-ચિલોડા ગામેથી ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો રાંદેસણ ગામેથીથી ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મગોડી ગામેથી ૫૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને અર્બન વિસ્તારમાંથી એક કેસ એમ મળી ૩ કેસ નોંધાયા છે. ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ધમીજ ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણી, સામેત્રીમાં ૮૧ વર્ષીય વૃદ્ધા તેમજ અર્બન વિસ્તારમાંથી ૫૮ વર્ષીય દિવ્યાંગનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

ઈટાદરા ગામેથી સરકારી નોકરી કરતી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજોલ ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

માણસા અર્બન વિસ્તારમાંથી એક વેપારી દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૫૨ વર્ષીય વેપારી અને ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com